ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૨૬ ટકા

## આજે વિશ્વ સાયકલ દિવસ

# શહેરમાં સાયકલ શેરીંગ પ્રોજેક્ટ મરણ પથારીએ

### ગાંધીનગર મનપાએ શહેરીજનોને આ પ્રોજેક્ટ રીન્યુ કરીને વિશ્વ સાયકલ દિનની સાચી ભેટ આપવી જોઈએ




ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં ૩ મેના રોજ વિશ્વ સાયકલ દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સાયકલ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં નિર્માણ પામેલા સાયકલના કેબિનો વિશે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ગાંધીનગરમાં શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નાગરિકો માટે જી-બાઈકનો સાયકલ શેરીંગ પ્રોજેક્ટ શરૂ કરી ૧૦ સ્થળોએ સાયકલ સ્ટેન્ડ ઉભા કરાયા હતા. શરૂઆતમાં એટલે કે વર્ષ૨૦૧૬માં ગાંધીનગરમાં ૧૦૦ સાયકલો સાથે પ્રોજેક્ટ શરૂ કર્યો હતો જેનો સારો પ્રતિસાદ મળતાં સાયકલોની સંખ્યા ૫૦૦ કરી હતી અને સ્ટેન્ડની સંખ્યા વધારી ૩૦ કરવામાં આવી હતી જે સવારે ૬થી ૧૦ વાગ્યા સુધી નિઃશુલ્ક અને રાત્રે ૯ વાગ્યા સુધી કલાકના રૂ. ૫ ભાડાથી સાયકલ ફેરવવા અપાતી હતી. જે હાલમાં ગાંધીનગર મહાનગર પાલિકાના અંડરમાં આવતા પ્રોજેકટ રીન્યુ કરવામાં આવ્યો નથી. તેથી શહેરમાં સાયકલ શેરીંગ પ્રોજેકટ ફરીથી શરૂ કરવામાં આવે તો જનતાને સાયકલીંગ માટે તથા અન્ય રીતે સગવડ થઈ શકે તેમ છે. આ સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ થયો ત્યારથી સફળતા પૂર્વક કાર્યરત હતો પરંતુ ગાંધીનગર મનપાના અંડરમાં જવાથી આ પ્રોજેકટની કામગીરી ખોરવાઈ ગઈ છે અને આ સાયકલ શેરીંગ પ્રોજેકટના કેબીનો ફૂટપાથ પર જનતા માટે શોભાના ગાંઠિયા સમાન અડચણરૂપ બની ગયા છે.

ગાંધીનગર મનપા દ્વારા આ અંગે યોગ્ય નિર્ણય લઈને ફરીથી સાયકલ શેરીંગ પ્રોજેકટનો પ્રારંભ કરવો જોઈએ જેથી ગાંધીનગરની જનતા તેનો ઉપયોગ કરી શકે. નાગરિકોને સાયકલીંગ માટે સાયકલની ખરીદી કરવી પડી રહી છે. વહેલી સવારે અને સાંજના સમયે શહેરીજનો સાયકલીંગ માટે દૈનીક નીકળતા હોય છે. જેમાં સગવડ રૂપ આ પ્રોજેકટનો ફરીથી પ્રારંભ કરવામાં આવે તેવું શહેરીજનો પણ ઈચ્છી રહ્યા છે.જો આમ ન કરાય તો આ સાયકલના કેબીનો અહીંથી દૂર કરવા પણ માંગ કરવામાં આવી છે. વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે ગાંધીનગર મનપા દ્વારા સાયકલ શેરીંગ પ્રોજેકટ અંગે યોગ્ય નિર્ણય લઈને જનતાને વિશ્વ સાયકલ દિવસની સાચી ભેટ આપી શકાશે.

## નિસર્ગ દ્વારા '૫–જુન વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી નિમિતે ચિત્ર સ્પર્ધા અને ઈ-વેસ્ટ કલેક્શન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિજ્ઞાન લક્ષી અને પર્યાવરણીય દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ૫ મી જુન સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વના ૧૪૩ થી વધુ દેશો આ દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને પર્યાવરણ બચાવવા લોકજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરતા હોય છે. પર્યાવરણનું પ્રદુષણ એ વિશ્વ ની સૌથી મોટી સમસ્યા છે. પર્યાવરણના પ્રદુષણ ને કારણે વધતી જતી ગરમી, કલાયમેટ ચેન્જ અને ગ્લોબલ વાર્મિંગ જેવી સમસ્યાઓ નો સામનો આપણે કરી રહ્યા છીએ. દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધ થીમ આધારિત કરવામાં આવે છે. આ વર્ષ ની થીમ ઓનલી વન અર્થ રાખવામાં આવી છે. આ થીમ આધારિત કાર્યક્રમો યોજાશે. નીસર્ગ સાયંસ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે નીસર્ગ સાયંસ સેન્ટર અને ઈ-કોલિ વેસ્ટ મેનેજમેન્ટ કંપની, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આ દિવસની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધા અને ઈ-વેસ્ટ કલેક્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ચિત્ર સ્પર્ધા તા. ૫/૬/૨૦૨૨ ના રોજ સવારે૯:૦૦થી ૧૧:૦૦ કલાક દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર, ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે યોજાશે. આ સ્પર્ધા માટે ધોરણ-૫ થી ધોરણ- ૭ ના વિદ્યાર્થીઓ માટે એ-ગ્રુપ અને ધોરણ -૮ થી ધોરણ- ૧૦ ના વિદ્યાર્થીઓ માટે બી- ગ્રુપ એમ બે વિભાગ રાખવામાં આવ્યા છે. ચિત્ર સ્પર્ધાનો વિષય 'પર્યાવરણ ની સુરક્ષા એજ આપણ જીવંત ગ્રહ ની સુરક્ષા' રાખવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ એ ચિત્ર દોરવા માટે જરૂરી પેન્સીલ, રબર, વિવધ રંગો, પેડ ઘેર થી લાવવાનું રહેશે. ચિત્ર માટેની ડ્રોઈંગ શીટ અહીંથી આપવામાં આવશે. બંને વિભાગના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ તેમજ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ સર્ટીફીકેટ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવો હોય તેમણે વોટસેપ નં ૯૪૨૬૬૩૫૨૧૫માં પોતાનું નામ અને ધોરણ લખી મેસેજ કરવા જણાવાયું છે.

આ દિવસની ઉજવણી ના ભાગરૂપે તા. ૪/૬/૨૦૨૨ થી ૭/ ૬/૨૦૨૨ સુધી ઈ-વેસ્ટના નિકાલ માટે અધિકૃત રીસાયકલર ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ, અમદાવાદના સહયોગથી સવારે ૦૯ :૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, લગ્નવાડી ની બાજુમાં, ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવશે. કંપની દ્વારા સરકારી ધારા ધોરણ મુજબ ઈ-વેસ્ટ માટે વળતર અને પહોચ પણ આપવામાં આવશે તેમજ પર્યાવરણ ને બચાવવા માટે તેમજ ભવિષ્યમાં ઓકિસજનની અછત ઉભી ન થાય તે માટે એક છોડ પણ આપવામાં આવશે. ગાંધીનગરના પર્યાવરણ પ્રેમી નાગરિકોને આ તકનો લાભ લેવા માટે નિસર્ગ સાયંસ સેન્ટર અને ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટે આમંત્રણ પાઠવ્યું છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સગર્ભા બહેનોના નિઃશુલ્ક સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર થયા

### કોઈ સરકારી યુનિવર્સિટીમાં આવા સંસ્કાર થયા હોય તેવી દેશની પ્રથમ ઘટના

ગાંધીનગર, તા.૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે પ્રિ-નેટલ કેર એન્ડ એજ્યુકેશન વિભાગ દ્વારા સગર્ભા બહેનો માટે નિઃશુલ્ક સામૂહિક સીમંતોન્નયન સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬ યુગલોએ ભાગ લીધો હતો. સગર્ભા બહેનો અને તેમના ગર્ભસ્થ શિશુનું સ્વાસ્થ્ય ઉત્તમ રહે તે હેતુથી વૈદિક વિધિવિધાન સાથે સીમંતોન્નયન સંસ્કાર કરાયા. આ કાર્યક્રમમાં કુલ મળીને ૨૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુ ધર્મના ૧૬ સંસ્કારો અંતર્ગતના આ ત્રીજા સંસ્કારની વિધિ કોઈ સરકારી યુનિવર્સિટી દ્વારા થઈ હોય તેવી દેશની સંભવતઃ આ પહેલી ઘટના છે.

'સગર્ભા બહેનોના ગર્ભસંસ્કાર થવા જોઈએ, સાથે તેમનું અને શિશુનું સ્વાસ્થ્ય ઉત્તમ રહેવું જોઈએ' તેવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે આપેલી પ્રેરણાથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં, સ્કૂલ ઓફ ચાઈલ્ડ, યુથ અને ફેમિલી ડેવલપમેન્ટના વડા ડૉ. રાકેશ પટેલની રાહબરીમાં આ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં છઠ્ઠા તથા સાતમા માસની ગર્ભાવસ્થાવાળી બહેનોના સીમંતોન્નયન સંસ્કાર વૈદિક વિધિવિધાનથી કરવામાં આવ્યા. આ પ્રસંગે દંપતીઓને શુભકામના સાથે આશીર્વાદ આપતા યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ




શાહે કહ્યું કે, મોટાઓને બાળકના ભાવવિશ્વ સમજણ અને શિક્ષણ આપવાનું કામ આ યુનિવર્સિટી કરી રહી છે. તેમણે કહ્યું કે, આપણે સોળ સંસ્કારોની વાતો કરીએ છીએ પણ જીવનમાં ઉતારતા નથી. વર્તમાન સમયમાં જીવનમાં જે પણ પ્રશ્નો, સમસ્યાઓ વગેરે છે, તે આપણી જીવનશૈલી અને સંસ્કારોના અભાવના કારણે છે. આ બધાના નિરાકરણ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ જણાવ્યું કે, બાળકેળવણીનો સંપૂર્ણ આધાર માતા-પિતા છે. વર્તમાન કુલપતિ શાહે વિચાર આપ્યો છે કે, જ્યારથી એક દંપતી બાળકને લાવવાનો વિચાર કરે છે, ત્યારથી જ તે બાળક દિવ્ય બનાવવા માટેનું આયોજન થવું જોઈએ. સ્કૂલ ઓફ ચાઈલ્ડ, યુથ અને ફેમિલી ડેવલપમેન્ટના વડા ડૉ. રાકેશ પટેલે સ્વાગત પ્રવચન કર્યું. યુનિવર્સિટીના શિક્ષક જયદેવ ધાંધિયાએ સીમંતોન્નયન સંસ્કારની વિધિ કરાવી હતી. આ કાર્યક્રમના સંયોજક તરીકે આયુર્વેદાચાર્ય ડૉ. વૃંદન જયસ્વાલ રહ્યા, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જલપા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર દ્વારા વિશ્વ બ્રાહ્મણ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર દ્વારા વિશ્વ બ્રાહ્મણ દિવસની ઉજવણી નિમિત્તે ભગવાન શ્રી પરશુરામ દાદાની ભવ્ય મહાઆરતીનું આયોજન શ્રી સોમનાથ મહાદેવ બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર યુવા પરિવારની સમગ્ર ટીમે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે આઠ વર્ષ પૂર્ણ કર્યાં એ દરમ્યાન સનાતન ધર્મની મજબૂતી માટે, સારું કામ કરવા બદલ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત ભગવત્પ્રિયદાસ સ્વામીએ તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાનને પ્રસાદ અને મોરપીંછનો હાર પહેરાવીને અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે સં. શિ. સહજાનંદચરણદાસ સ્વામી અને પૂર્વ પ્રિન્સિપાલ ડી. ડી. વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા.

## રાજપૂત સમાજ દ્વારા મહારાણા પ્રતાપ જન્મજયંતિ નિમિત્તે રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા સમસ્ત રાજપૂત સમાજ દ્વારા તમામ સંગઠનોએ એક સાથે મહારાણા પ્રતાપની જન્મ જયંતિ નિમિત્તે ભવ્યાતી ભવ્ય રેલીનું આયોજન કર્યું હતું. ૨ જૂનને ગુરુવારના રોજ સવારે સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવનથી આ રેલીને સમાજના આગેવાન અને પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ફલેગ આપી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા રાજપૂત સમાજ, શહેર રાજપૂત સમાજ, કચ્છ કાઠીયવાડ રાજપૂત સમાજ તથા મહિલા સમાજ, મહાકાલ સેના અને યુવા વિકાસ પરિષદ તેમજ જિલ્લાના કરણી સેનાના સંયોજકો પણ





રેલીમાં જોડાયા હતા.

સંસ્થાઓ દ્વારા નીકળેલી મહારાણા પ્રતાપની આ ભવ્ય રેલીમાં ડી.જેથી શરૂઆત કરી, મહારાણા પ્રતાપના શૌર્ય ગીતોની રમઝટ બોલાવવામાં આવી હતી. ઘોડા, જુદા જુદા પ્રકારની કમાન્ડો કાર, ફોર વ્હીલર્સ અને પુષ્કળ પ્રમાણમાં બાઈક રેલીમાં યુવાનો શિસ્તબધ્ધ રીતે સમાજ ભવનથી પથિકાશ્રમ થઈ ઘ-૫ના રસ્તે પેથાપુર જવા મહારાણા પ્રતાપના સ્ટેચ્યુ સુધી રેલી પહોંચી અને અને રેલીને સભાના રૂપમાં ફેરવવામાં આવી હતી. જયાં તમામ યુવાન ભાઈ-બહેનો, વડીલોને સમાજના આગેવાનો દ્વારા સંબોધવામાં આવ્યા હતા.

**સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવનની પાસે છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાય છે. અહીંથી પસાર થવું મુશ્કેલ બને એટલી દુર્ગંધ અહીં ફેલાય છે. આ વિસ્તારમાંથી પસાર થતા સમયે નાક અને મોં પર રૂમાલ રાખવો પડે તેવી સ્થિતિ સર્જાય છે. ગટર ઉભરાવવાની સમસ્યા અંગે વારંવાર વસાહતીઓએ રજૂઆત કરી છે પરંતુ તેનો ઉકેલ આવતો નથી.**



## શહેરના ફાર્મસીના વિદ્યાર્થીઓએ શ્રીફળની કાચલીમાંથી બનાવ્યો હર્બલ સ્પ્રે

### ફંગસ, દાદર, ખરજવા, ચામડીના રોગ મટાડશે આ હર્બલ સ્પ્રે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસીમાં પાસ આઉટ સ્ટુડન્ટસ અને સ્વર્ણિમ સ્ટાર્ટ અપ યુનિવર્સિટીનાં ઈન્કયુબેટર્સ વત્સલ શાહ, પાયલ પરમાર, રિધ્ધિ પ્રજાપતિએ ચામડીના રોગની બિમારીને દૂર કરવા માટે શ્રીફળની કાચલીમાંથી હર્બલ સ્પ્રે તૈયાર કર્યુ છે. જેમાં અનેક ચામડીના રોગો કોઈ પણ પ્રકારની સાઈડ ઈફેકટ વગર માત્ર સ્પ્રેથી જ મટી જશે.

ઋતુ પરિવર્તનને કારણે માણસોને ફંગસ, દાદર, ખંજવાળ, બેકટેરિયલ ઈન્ફેકશન જેવી અનેક ચામડીની બિમારીઓ થાય છે. આ ચામડીજન્ય રોગોની સરવાર માટે માર્કેટમાં ઘણી બધી ક્રીમ અને દવાઓ મળી રહી છે. જો કે મોટા ભાગે આવી દવાઓને કારણે કાયમી નિરાકરણ આવતું નથી અથવા લાંબા ગાળે એની આડઅસર પણ જોવા મળતી હોય છે ત્યારે આ ત્રણ વિદ્યાર્થીઓએ સાથે મળીને ઓલ ઈન વન એવો હર્બલ સ્પ્રે બનાવ્યો છે જેને કારણે અનેક ચામડીના



રોગો કોઈ પણ પ્રકારની સાઈડ ઈફેકટ વગર માત્ર સ્પ્રેથી જ મટી જાય છે. શ્રીફળની કાચલીમાંથી હર્બલ સ્પ્રે તૈયાર કરવાનો આઈડિયા દાદીમાએ શ્રીફળની કાચલીમાંથી કરેલા ઘરગથ્થુ ઉપચારમાંથી આવ્યો હતો. ઘણી બધી ક્રીમોનો ઉપયોગ કરવા છતાં દાદર મટી નહોતી ત્યારે દાદીમાએ શ્રીફળની કાચલીમાંથી કરેલો ઘરગથ્થુ ઉપચાર એના પર અસર કરી ગયો હતો. ધાર્મિક સ્થળો પર શ્રીળની કાચલીનો મોટો જથ્થો વેસ્ટમાં જાય છે જેનો ઉપયોગ કરવાનો વિચાર આવ્યો અને આ દિશામાં નવું કરવા માટે પ્રેરણા મળી અને રિસર્ચ શરૂ કર્યું હતું. આ સ્પ્રે બનાવવામાં પણ એક જ પ્રયાસમાં સફળતા મળી નથી. વારંવાર પ્રયાસો કર્યા બાદ તેઓને સફળતા મળી હતી. આ હર્બલ સ્પ્રેને તૈયાર થતા બે વર્ષ જેટલો સમય લાગ્યો છે. ચામડી પર થતી ફંગસ અને કોવિડ દરમિયાન થયેલી બ્લેક ફંગસ પર પણ આ હર્બલ સ્પ્રેનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેમાં એમને સારું પરિણામ મળ્યું હતું. પરંતુ સંપૂર્ણ પરિણામ એક મહિના બાદ મળ્યું હતું. આ સ્પ્રેનો ટ્રાયલ ૧૦૦થી વધુ દર્દીઓ પર કરવામાં આવ્યો હતો. હાલમાં આ સ્પ્રે બજારમાં ઉપલબ્ધ કરવામાં આવ્યું નથી. આગામી દિવસોમાં આયુષ મંત્રાલયમાં લાઈસન્સ માટેની કાર્યવાહી કર્યા બાદ સામાન્ય માણસોને પોસાય તેવા ભાવમાં બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઝાલા કિંજલબેન ગોબરસિંહ, ઉ.વ. ૨૨, અદાપુર, તલોદ
- સ્વ. પટેલ મહેન્દ્રભાઈ ધુળાભાઈ, ઉ.વ. ૬૦, સેકટર-૧૩
- સ્વ. સોલંકી દિનાજી બાબુજી, ઉ.વ. ૪૧, આલમપુર
- સ્વ. બજાણીયા રમેશભાઈ મણીભાઈ, ઉ.વ. ૪૨, ચંદ્રાલા
- સ્વ. વાણીયા જગદીશભાઈ ગુલાબભાઈ, ઉ.વ. ૬૦, સે-૨૩
- સ્વ. મૌર્ય રામનારાયણ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર કાન્તિજી બાદરજી, ઉ.વ. ૫૪, બિલમણા, દહેગામ

## જન્મદિને વધામણી



છત્રસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ



નયનાબેન પી. પ્રજાપતિ



સાધનાબેન પરમાર
લાયોનેસ કલબ



અમિત ગોંડ
વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર
મો. ૮૪૦૧૪ ૮૮૫૮૮



નવીનભાઈ વસોયા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

## સે-૧૫ મહિલા આઈટીઆઈ ખાતે ૪ જૂને સેમિનારનું આયોજન

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદની સુચના અનુસાર અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા ૫ જૂનના રોજ 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે 'પર્યાવરણનું આપણા જીવનમાં મહત્વ તેમજ આજના સમયમાં તેની જરૂરીયાત' અંગે સેમિનારનું આયોજન મહિલા આઈટીઆઈ, સે-૧૫, ગાંધીનગર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે કરવામાં આવેલ છે. જેમાં પેરા લીગલ વોલીયેન્ટર્સ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરનાઓ હાજર રહેશે. આથી ગાંધીનગરના તમામ નાગરિકોને સેમિનારનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.